**રાંધેજામાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો**

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તું કહે છે કે નાતાલ પાર્ટીમાં... દારૂ નથી પીવાનો... ગર્લ ફ્રેન્ડ પણ નથી લઈ જવાનો... એનો મતલબ... આ તો કહે જ છે વધુમાં જુઠ્ઠુ પણ બોલે છે...!

# શહેરમાં ૨૫મીથી આઈટી એક્સ્પો

**આઈ.ટી. ઉદ્યોગની બનાવટોના નિદર્શન અને વેચાણ ઉપરાંત વડીલો, બાળકો અને ગૃહિણીઓ માટે ઈનામી સ્પર્ધાઓ પણ યોજાશે : સ્માર્ટ સીટી નિર્માણ અભિયાન અંતર્ગત નગરજનો પાસેથી સૂચનો મંગાવાશે**



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર કોમ્પ્યુટર હાર્ડવેર એસોસીએશન દ્વારા તા. ૨૫ થી ૨૭ ડિસેમ્બર-૨૦૧૫ દરમ્યાન સે. ૬ના ગરબા ગ્રાઉન્ડ ખાતે ચતુર્થ સ્માર્ટ આઈટી એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્ઝીબીશનમાં કોમ્પ્યુટર હાર્ડવેર, સોફ્ટવેર સહિતની અનેકવિધ આઈ.ટી. ઉદ્યોગની બનાવટોનું નિદર્શન અને વેચાણ કરવા ઉપરાંત અગાઉના આયોજનોથી જરા હટ કે સમાજના મહત્વના પરિબળો સમાન ત્રણ પેઢીઓ સીનિયર સીટિઝન્સ, ગૃહિણીઓ તથા કીડ્ઝ-ટીનેજર્સ અને યુવા સૌને રસપ્રદ કાર્યક્રમોના માધ્યમો દ્વારા સાથે રાખીને આઈટીની જાણકારી આપવા ઉપરાંત તેના સુચારૂ અને હકારાત્મક ઉપયોગ સંદર્ભે જાગૃતતા કેળવવાનો પ્રસંશનીય પ્રયાસ પણ હાથ ધરાશે.

આઈટી ક્ષેત્રે માત્ર વ્યાપારી દૃષ્ટિકોણ રાખવાને બદલે લોકોને સાથે રીને કાર્યકરતી જીસીએચએની નોન પ્રોફીટ બોડી વર્ષ ૨૦૦૦માં કાર્યરત થઈ છે. આઈટીની કામગીરી સાથે જોડાયેલી ૫૦ થી વધુ વ્યક્તિઓનું સભ્યપદ ધરાવતી આ સંસ્થાએ આઈ.ટી. શો, ટેકનીકલ સેમિનાર, ટ્રેનીંગ પ્રોગ્રામ, વર્કશોપ, સોશ્યલ એન્ડ કલ્ચરલ એક્ટીવીટીને કારણે ગાંધીનગરના લોકહૃદયમાં ગાઢ છાપ ઉભી કરી છે. ૨૦૦૮માં પ્રથમ આઈટી એક્સ્પો 'ટેકનોલોજી ટુ વીલીજીસ'ના નામે નાની કક્ષાએ

● અનુસંધાન પાના - ૭ પર

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહ્યાની ફરિયાદો સતત વધી રહી છે.

● આજથી મનપા દ્વારા ગેરકાયદે દબાણો સામે સીલીંગ ઝૂંબેશ શરૂ થઈ છે. જે મોડી સાંજ સુધી ચાલી હતી.

● ગાંધીનગર સેક્ટર-૨૩ના સ્વામિનારાયણ મંદિર ખાતે બદ્રીનાથ ધામના દર્શનનો વિશિષ્ટ કાર્યક્રમ ચાલે છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત પાસે આજે સૌથી વધુ વાહનો પાર્ક થયા હતા અને એક તબક્કે ટ્રાફિક જામ થઈ જાય તેવી સ્થિતિ થઈ હતી.

● ગાંધીનગર શહેરમાં મનપાની ચૂંટણી લઈ ટિકિટવાંચ્છુઓ દ્વારા નાગરિકો સાથેના સંપર્ક માટેની દોડધામ શરૂ થઈ જવા પામી છે.

● જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભામાં કાજુકતરી, ફરાળી ચેવડો અને બિસ્કીટનો નાસ્તો અપાયો હતો.

# સે-૩૦ના દંપતિ દ્વારા ઝૂંપડાવાસીઓને ગરમ ધાબળાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સે-૩૦માં જીટીએસના છાપરા વિસ્તારમાં દબાણ ખાતા દ્વારા ઝુંપડપટ્ટી દૂર કરવા ગરીબ પરિવારોના ઝુંપડા તોડી પાડવામાં આવ્યા છે. આ ગરીબ પરિવારો દ્વારા પોતાના ઝુંપડાના સ્થળે તાડપત્રી દ્વારા તંબુ તાણી વસવાટ કરાઈ રહ્યો છે. આટલી કડકડતી ઠંડીમાં આ પરિવારોને ઠુંઠવાતા જોઈ સે-૩૦માં રહેતા એક મધ્યમવર્ગીય પરિવાર દ્વારા ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



સે-૩૦માં રહેતા નિવૃત્ત શિક્ષક ભાલચંદ્રભાઈ શુકલ તથા તેમના પુત્ર જયમીન શુકલ અને પુત્રવધુ મેઘના દવેએ ગરીબ પરિવારોને હાડ થીજાવી નાંખે તવી ઠંડીમાં દિવાલો છત વગરના ઝુંપડામાં રહેતા જોઈ હૃદય દ્રવી ઉઠતા પોતાની બચતમાંથી ગરમ ધાબળાનું વિતરણ કર્યું હતું. વહેલી સવારે પોતાના ઘરનું બારણું ખોલતા પિતા ભાલચંદ્રભાઈએ પુત્રને સુચના આપી કે બારણું બંધ રાખજે, ઠંડી બહુ છે. આ સાંભળી પુત્ર જયમીન શુકલને આગળના દિવસે જોયેલા ઝુંપડાવાસીઓની દયામણી સ્થિતિ યાદ આવી ગઈ અને વિચાર આવ્યો કે આટલી ઠંડીમાં આ પરિવારો કેવી રીતે રહેતા હશે? છેવટે તેમણે પોતાની પત્નિ મેઘના દવેને આ વાત જણાવી અને દંપતિએ આ પરિવારોને મદદરૂપ થવાનો નિશ્ચય કર્યો. બંનેએ પોતાની બચત એકઠી કરી અને તેમાંથી બજારમાંથી ગરમ ધાબળાની ખરીદી કરી હતી. આ ધાબળાઓનું રવિવારે સાંજે દરેક ઝુંપડે ઝુંપડે જઈ પોતાના હસ્તે વિતરણ કર્યું હતું. આ સેવા કાર્યમાં તેમના પિતા ભાલચંદ્રભાઈ પણ સાથે જોડાયા હતા. લગભગ પચાસેક ઝુંપડામાં તેમણે ધાબળાનું વિતરણ કરી શિયાળાની કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદ પરિવારોને હુંફ પુરી પાડી હતી. જયમીન શુકલએ પોતાના આ સેવા કાર્ય બાબતે વાત કરતા જણાવ્યું હતું કે તેમના પિતાએ નાનપણથી સેવાના સંસ્કાર આપ્યા છે. ૨૦૦૧ના ભૂકંપ વખતે પણ અમે તાત્કાલિક કચ્છના ભચાઉ ખાતે જઈ ધાબળા, પગરખા અને અનાજ વિતરણનું સેવા કાર્ય શહેર વસાહત મહામંડળ સાથે સંકળાઈને કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તે વખતે પણ ઠંડીનો જ સમય હતો અને અમે ટ્રકમાં પાછળ ખુલ્લા ભાગે બેસીને કચ્છ ગયા હતા.

# સેન્ટ ઝેવિયર્સ શાળા ખાતે કેન્ટીન ડે ઉલ્લાસપૂર્વક ઉજવાયો

ગાંધીનગર તા. ૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આજે કેન્ટીન ડે ની ઉજવણી કરી હતી. શાળા કેમ્પસમાં વિદ્યાર્થી ઓ દ્વારા ૧૦ સ્ટોલ ઉભા કરાયા હતા. શાળાના ૮૦ થી વધુ વિદ્યાર્થીઓ વિવિધ સ્ટોલ પર હાજર રહ્યા હતાં. જેમાં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી વિવિધ વાનગીનું વેચાણ કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો હોંશે હોંશે વાનગી ખરીદી આરોગી હતી.

ગાંધીનગર સેન્ટ ઝેવિયર્સ શાળા ખાતે આજે કેન્ટીન ડે ની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણી અંતર્ગત ધોરણ-૯ માં અભ્યાસ કરતા ૮૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભારે મહેનત કરી કેમ્પસમાં ૧૦ સ્ટોલ ઉભા કર્યા હતા. ફુડ સ્ટોલના પણ સુંદર નામ આપવામાં આવ્યા હતાં. જેમાં ચાઈના એન્ડ ઈન્ડીયા, પંજાબી તડકા, ધ ફુડીયર, સહિતના નામો રાખવામાં આવ્યા હતાં. સવારથી શરુ થયેલા સ્ટોલ બપોર સુધી ચાલ્યા હતા. જેમાં પાણીપુરી, પફ, દાબેલી, પીઝા, નુડલ્સ, સેન્ડવીચ, સમોસા, ફાફડા, દાળવડા, દહીંવડા, છાશ, ચોકલેટ, ઠંડા પીણા, સહિત




રાઈફલ શુટીંગ તેમજ વિદ્યાર્થીઓ માટે ગેમ પણ રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સવારથી જ ભારે ભીડ જમાવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ ફુડ બાળકોએ આનંદ થી આરોગ્યું હતું. કેન્ટીન ડે ની ઉજવણીમાં સ્ટોલ પર ચીજવસ્તુંનું વેચાણ કરીને કમાણી કરેલા તમામ રુપીયા શાળા પરિવારને આપવામાં આવશે. આ રુપીયાનો શાળા પરિવારના ફાધર દ્વારા સદકાર્યમાં ઉપયોગ કરવામાં આવશે. શાળા કેમ્પસમાં ઉજવણી હોવાથી અનેરો માહોલ બાળકોમાં છવાયો હતો. તમામ વિદ્યાર્થીઓ પોતાના મિત્રના સ્ટોલ પર થી ખરીદી કરવામાં મશગુલ બન્યા હતાં. ઉજવણીમાં શાળાના શિક્ષક ભાઈ બહેનોએ બાળકોને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું.

## આકાશવાણી પર ૨૪મીએ રાજેશ મહેડુની ગઝલો

ગાંધીનગરના જાણીતા કલાકાર રાજેશ મહેડુના સુગમ સંગીત કાર્યક્રમનું ૨૪મી ડિસેમ્બરના રોજ સવારે ૭.૧૫ કલાકે રેડિયો સ્ટેશન આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી ગઝલ કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે. આ સુગમ સંગીત કાર્યક્રમમાં રાજેસ મહેડુ દ્વારા ગાયેલી ગુજરાતી ગઝલો રજુ કરાશે.

# રાંધેજામાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં એક શખ્સ ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે ગઈ કાલે દરોડો પાડી એક શખ્સને ઝડપી પાડયો હતો. વરલી મટકાના આંકડા લખેલા સાહિત્ય સાથે રોકડ મળી રૂ. ૧૧૭૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીની પેથાપુર પોલીસે ધરપકડ કરી લીધી છે.

રાંધેજાના માંડવી ચોકમાં રહેતા વાસુ પ્રભાત પટેલ ગઈ કાલે ગામમાં ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હતો. આ બાતમીને આધારે પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાની ટીમે દરોડો પાડીને વાસુ પટેલને પકડી પાડયો હતો. વરલી મટકાનાં આંકડા લખેલા સાહિત્ય અને પેન સાથે વાસુ પટેલને રોકડ સહિત રૂ. ૧૧૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. તેની સામે ગુનો દાખલ કરીને પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




